# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 28-07-2024 બપોર : 1.20 થી 1.30

વાર : રવિવાર

આકાશવાણી સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ‘મન કી બાત કાર્યક્રમ’માં ઓલિમ્પિકમાં ભાગ લેનારા ખેલાડીઓનો ઉત્સાહ વધારવા અનુરોધ કર્યો..
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ નવ રાજ્યોમાં રાજ્યપાલોની નિમણૂંક કરી..
- ✓ વિદેશ મંત્રી ડૉ. એસ જયશંકર આજથી જાપાનના બે દિવસીય પ્રવાસે, ક્વાડ દેશોના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે.
- ✓ ભારતીય હવામાન વિભાગે ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના કેટલાંક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી..
- ✓ પેરિસ ઓલિમ્પિકમાં આજે જુદી જુદી રમતોમાં ભારતીય ખેલાડીઓએ ભાગ લેશે..
- ✓ આજે મહિલા એશિયાકપ ટી-20ની ફાઇનલમાં ભારત અને શ્રીલંકા વચ્ચે મુકાબલો ..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM MANKI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે આકાશવાણી પરથી મન કી બાત કાર્યક્રમમાં વિવિધ વિષયો પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. મનકી બાતની 112મી કડીમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, ઑલિમ્પિક આપણા ખેલાડીઓને વિશ્વ પટલ પર તિરંગો ફરકાવવાનો અવસર આપે છે. તેમણે ખેલાડીઓનો ઉત્સાહ વધારવા સૌને અનુરોધ કર્યો હતો. શ્રી મોદીએ આંતરરાષ્ટ્રીય ગણિત ઑલિમ્પિયાડમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરવા બદલ દેશના વિદ્યાર્થીઓની સરાહના કરી.

**BYTE – 28 07 2024 PM MAN KIBAAT OLYMPIC BYTE FOR**

**1.20 PM**

પ્રધાનમંત્રીએ આસામના ચરાઈદેઉ મૈદાનને યુનેસ્કો વૈશ્વિક ધરોહરમાં સામેલ થવા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

**BYTE – 28 07 2024 PM MAN KI BAAT**

**ASSAM BYTE FOR 1.20 PM**

પ્રધાનમંત્રીએ કહ્યું કે **PARI** અર્થાત્ **Public Art Of India** ઉભરતા કલાકારોને એક મંચ પર લાવવાનું માધ્યમ બની રહ્યું છે. શ્રી મોદીએ આ પ્રોજેક્ટ અંતર્ગત રસ્તાઓના કિનારે, દિવાલો પર, અંડરપાસમાં સુંદર ચિત્રો દોરતા કલાકારોની પ્રશંસા કરતાં કહ્યું કે તેનાથી આપણા સાર્વજનિક સ્થાનોની સુંદરતામાં વધારો થયો છે.

મન કી બાત કાર્યક્રમમાં શ્રી મોદીએ હરિયાણાના રોહતક જિલ્લાના હાથશાળ ઉદ્યોગ સાથે જોડાયેલી અઢીસોથી વધુ મહિલાઓના જીવનમાં આવેલા પરિવર્તન વિશે વાત કરી હતી. કપડા પર રંગોનો જાદુ વિખેરનારી આ

મહિલાઓ આજે લાખો રૂપિયા કમાઈ રહી છે. હેન્ડલૂમની સાથો સાથ ખાદીની વાત કરતાં ખાદીનાં ઉત્પાદનોનો ઉપયોગ કરવા પ્રધાનમંત્રીએ સહુને અપીલ કરી હતી. તેમણે ખુશી વ્યક્ત કરી હતી કે ખાદી ગ્રામોદ્યોગનો વેપાર પહેલી વાર દોઢ લાખ કરોડ રૂપિયાને પાર પહોંચી ગયો છે. પ્રધાનમંત્રીએ ડ્રગ્સના દૂષણની વાત કરતાં કહ્યું કે નશિલા પદાર્થો સામેની લડાઈમાં સરકારે શરૂ કરેલી માનસ સેવા અંતર્ગત એક ટોલ ફ્રી નંબર જાહેર કરાયો છે. જેના પર કૉલ કરીને કોઈ પણ વ્યક્તિ સલાહ લઈ શકે છે.

આવતીકાલે દુનિયાભરમાં વાઘ દિવસ મનાવાશે. આ વિશે વાત કરતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે વાઘ, આપણી સંસ્કૃતિનો અભિન્ન ભાગ રહ્યા છે, લોક ભાગીદારીને ભારતમાં વાઘની વસતી પ્રતિ વર્ષ વધી રહી છે. પ્રધાનમંત્રીએ સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં હર ઘર ત્રિરંગા અભિયાન અંતર્ગત દેશવાસીઓના ઉત્સાહ અંગે વાત કરી હતી. પહેલાંની જેમ આ વર્ષે પણ 'harghartiranga.com' પર તિરંગાની સાથે સેલ્ફી જરૂર અપલૉડ કરવા અનુરોધ કર્યો હતો.

## PREZ - GOVERNOR APPOINTMENT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ વિવિધ રાજ્યોમાં રાજ્યપાલોની નિમણૂક કરી છે. મહારાષ્ટ્ર વિધાનસભાના ભૂતપૂર્વ અધ્યક્ષ  હરિભાઉ કિસનરાવ બાગડેને રાજસ્થાનના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ત્રિપુરાના પૂર્વ નાયબ મુખ્યમંત્રી જિષ્ણુ દેવ વર્મા તેલંગાણાના રાજ્યપાલ બનશે. રાજસ્થાનના પૂર્વ રાજ્યસભા સાંસદ ઓમ પ્રકાશ માથુરને સિક્કિમના રાજ્યપાલ અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી સંતોષકુમાર ગંગવારને ઝારખંડના રાજ્યપાલ નિયુક્ત કરવામાં આવ્યા છે. આસામના ભૂતપૂર્વ લોકસભા સાંસદ

રામેન ડેકાને છત્તીસગઢ અને કર્ણાટકના ભૂતપૂર્વ મંત્રી સી.એચ. વિજયશંકરને મેઘાલયના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે.

ઝારખંડના વર્તમાન રાજ્યપાલ સી.પી. રાધાકૃષ્ણનને મહારાષ્ટ્રના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે, તો આસામના વર્તમાન રાજ્યપાલ ગુલાબચંદ કટારિયાને પંજાબના રાજ્યપાલ અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢના પ્રશાસક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સિક્કિમના વર્તમાન રાજ્યપાલ લક્ષ્મણ પ્રસાદ આચાર્યને આસામના રાજ્યપાલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમને મણિપુરના રાજ્યપાલનો વધારાનો હવાલો પણ આપવામાં આવ્યો છે. ભારતીય વહીવટી સેવાના ભૂતપૂર્વ અધિકારી કે. કૈલાશનાથનને પુડુચેરીના લેફ્ટનન્ટ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે..

## PM-BJP CM MEET

ભારતીય જનતા પક્ષ સાશિત રાજ્યોના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીઓની એક બેઠક દિલ્હી ખાતે ભાજપ કાર્યલયે યોજાઈ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ, ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ સહિત ભાજપના અન્ય નેતાઓ આ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં છે.

પ્રધાનમંત્રીમોદી આ બેઠકમાં વિવિધ રાજ્યોના મહત્વનાં મુદ્દાઓ વિશે માહિતી મેળવીને તેના ઉકેલો અંગે ચર્ચા કરી રહ્યા છે. સમયાંતરે યોજાતી આ બેઠકનો હેતુ રાજ્યોમાં મુખ્ય યોજનાઓની સમીક્ષા કરવાનો

તેમજ કેન્દ્ર સરકારની કલ્યાણકારી યોજનાઓના યોગ્ય સંચાલનને સુનિશ્ચિત કરવાનો છે.

## MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડરસ્કોર** ABAD **ને ફોલોં કરી શકો છો...**

## JAISHANKAR---JAPAN.RTF

વિદેશમંત્રી ડૉ. એસ જયશંકર જાપાનની બે દિવસની મુલાકાતે આજે સવારે જાપાનના ટોક્યો ખાતે પહોંચ્યા છે. શ્રી જયશંકરે આવતીકાલે ક્વાડ દેશના વિદેશ મંત્રીઓ સાથેની બેઠક પહેલા આજે ટોક્યો ખાતે U.S. સ્ટેટ સેક્રેટરી એન્ટની બ્લિન્કન સાથે મુલાકાત કરી. દરમિયાન બંને મહાનુભાવોએ પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓ અંગે ચર્ચા કરી હતી. ડો. જયશંકર જાપાનના વિદેશમંત્રી યોકોકામિકાવાના આમંત્રણ પર જાપાન ગયા છે.

ડૉ. જયશંકર આવતીકાલે જાપાનમાં ક્વાડ દેશના વિદેશ મંત્રીઓની બેઠકમાં ભાગ લેશે. ક્વાડ સભ્યોમાં ભારત, જાપાન, અમેરિકા અને ઓસ્ટ્રેલિયાનો સમાવેશ થાય છે. આ ચાર દેશના વિદેશ મંત્રી ગયા વર્ષે સપ્ટેમ્બરમાં ન્યૂ યોર્કમાં યોજાયેલી બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે ચર્ચા કરશે. ઉપરાંત હિન્દ પ્રશાંત ક્ષેત્રમાં વિકાસ, આ ક્ષેત્રની સ્વતંત્રતા

જાળવવા ભાવિ સહયોગ અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવશે..

## IMD RAIN

હવામાન વિભાગે ગુજરાત સહિત દેશના કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્ર અને કચ્છ ઉપરાંત પૂર્વીય રાજસ્થાનમાં ઑરેન્જ અલર્ટ જાહેર કરાયું છે. તો મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર અને તટિય કર્ણાટક, છત્તીસગઢ, વિદર્ભ, કોંકણ અને ગોવાના અંતરિયાળ ભાગોમાં ભારે વરસાદ પડી શકે છે.

આ તરફ પૂર્વીય અને ઉત્તર પૂર્વીય ભાગોમાં આગામી ચાર દિવસમાં ભારે વરસાદની આગાહી છે. ઉપરાંત હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વીય રાજસ્થાન, જમ્મૂ કાશ્મીર, લદ્દાખ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી ઉત્તર પ્રદેશમાં આગામી ચાર દિવસમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

## OLYMPICS---DAY-1-WINNERS.RTF

પેરિસ ઓલિમ્પિકનો પ્રથમ દિવસ ભારતીય ખેલાડીઓ માટે સિદ્ધિઓથી ભરેલો રહ્યો હતો.. 10 મીટર એર રાઈફલ વિમેન્સ ઈવેન્ટમાં, મનુ ભાકરે 580 પોઈન્ટ અને 27 ઈનર્સના કુલ સ્કોર સાથે ક્વોલિફિકેશનમાં ત્રીજું સ્થાન મેળવ્યા બાદ ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો હતો.  ભારતીય પુરૂષહોકી ટીમે પણ ગઈકાલે રાત્રે યવેસ-ડુ-મનોઈર સ્ટેડિયમ ખાતે તેમની શરૂઆતની પૂલ-બી મેચમાં ન્યુઝીલેન્ડ સામે 3-2થી જીત સાથે તેમના અભિયાનની શરૂઆત કરી હતી. સુકાની હરમનપ્રીત સિંઘના પેનલ્ટી સ્ટ્રોકની એક મિનિટ બાકી હતી, ત્યારે

જ ન્યુઝીલેન્ડને હરાવવામાં સફળ રહ્યા હતા. ભારતનું બેડમિન્ટન અભિયાન પણ જોરદાર રીતે શરૂ થયું.

ડબલ્સમાં, ચિરાગ શેટ્ટી અને સાત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડીની જોડીએ તેમની પ્રથમ ગ્રૂપ સ્ટેજની મેચમાં 40મા, 21-17, 21-14 ક્રમાંકિત ફ્રેન્ચ શટલર્સ લુકાસકોર્વે અને રોનન લાબરને હરાવીને જીત નોંધાવી હતી. પુરુષોના સિંગલ્સના ગ્રુપ એલ મેચમાં  લક્ષ્ય સેને  ગ્વાટેમાલાના ઓલિમ્પિયન કેવિન કોર્ડનને 21-8, 22-10થી હરાવ્યા હતા. મહિલા બોક્સિંગ સ્પર્ધામાં પ્રીતિ પવારે 54 કિલોગ્રામ વજન વર્ગમાં વિયેતનામનાં વો-ટી-કિમ-એનને પાંચ-શૂન્યથી હરાવીને આગળના રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો છે.

## WOMEN ASIA CUP FINAL

મહિલા T20 એશિયા કપ ક્રિકેટની આજે રમાનારી ફાઇનલમાં વર્તમાન ચેમ્પિયન ભારતનો મુકાબલો શ્રીલંકા સાથે થશે. મેચ દામ્બુલા ઇન્ટરનેશનલ સ્ટેડિયમમાં બપોરે ત્રણ વાગ્યે યોજાશે.